અપીલ અરજી નં.૭૧૫ તા.૩૧–૩–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળા :– ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) ,
એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન),
સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન),
એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન),
એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૨૪–૦૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) એસ.એમ.સી.ના નવા જુના વિસ્તારમાં આવેલ ટોરેન્ટ પાવર કંપનીના સબ સ્ટેશનોની તથા બદબાર–કેબલ ડી.બી.રોડની સાઈડમાં લોખંડની પેટી–બોક્ષ ગોઠવેલ છે. જેની મંજુરીની, સંખ્યાની અને ભાડા એસ.એમ.સી.ના કયા વિભાગ દ્વારા વસુલવામાં આવે છે જેની માહિતી વિ. મુદ્દા નં.(૧)થી (૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩૧–૩–૧૨ ની **SMC/FAP/** નં.૭૧૫/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૨૪–૦૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) એસ.એમ.સી.ના નવા જુના વિસ્તારમાં આવેલ ટોરેન્ટ પાવર કંપનીના સબ સ્ટેશનોની તથા બદબાર–કેબલ ડી.બી.રોડની સાઈડમાં લોખંડની પેટી–બોક્ષ ગોઠવેલ છે. જેની મંજુરીની, સંખ્યાની અને ભાડા એસ.એમ.સી.ના કયા વિભાગ દ્વારા વસુલવામાં આવે છે જેની માહિતી વિ. મુદ્દા નં. (૧)થી (૪)ની માહિતી આપવા બાબતે વરાછાઝોન, લીંબાયતઝોન અને ઉધનાઝોન તરફથી માહિતી પુરી પાડેલ ન હોવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩૧–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા તથા સેન્ટ્રલઝોનને દફતરે ઉપલબ્ધ નથી તે અંગે નાશ–નિકાલની વિગતો સ્પષ્ટ કરવા** વધુમાં આ અંગે લોખંડની પેટી તથા સબસ્ટેશનનું ભાડું લેવા અંગે જે પણ દસ્તાવેજી વિગતો હોય તે રજૂ કરવા તથા ન હોય તો તેમ જણાવવા પત્ર નં. આરટીઆઈ સેલ/૨૬ તા. ૭–૪–૧૨થી ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન),એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન), સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન),એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) તથા અરજદારને જાહેર માહિતી અધિકારી વાઈઝ, મુદ્દાવાર આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/નં.૩ તા. ૧૩–૪–૧૨થી પૂરક વિગતોમાં અરજદારની મૂળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૨૪૬૫ તા. ૨૭–૨–૧૨થી નિયત સમય અવધિમાં કાર્યપાલક ઈજનેરશ્રી વરાછાઝોન, ઉધનાઝોન, કતારગામઝોન, લીંબાયતઝોન, અઠવાઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, નોંધ વિભાગ, જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/૧૦૭૦ તા. ૨૮–૩–૧૨ થી અરજદારને આપેલ માહિતીના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/આ.નં./૨૮૪ તા. ૨–૫–૧૨થી પૂરક વિગતોમાં અરજદારને આપેલ માહિતીના પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/આ.નં./૨૬૨૧ તા. ૧૩–૩–૧૨ની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન, લીંબાયતઝોન અને ઉધનાઝોન તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા. ૨૦–૪–૧૨ના પૂરક પત્રની ઝેરોક્ષ નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૨૪–૦૨–૧૨ની અરજીથી ટોરેન્ટ પાવરના સબ સ્ટેશન અને બોક્ષના ભાડા બાબતે મુદ્દા નં. ૧ થી ૨ની માહિતી માંગતી અરજી સેક્રેટરી તથા તમામ ઝોનના ઝોનલચીફને સંબોધતી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/ ૨૪૬૫ તા. ૨૭–૨–૧૨થી નિયત સમય અવધિમાં કાર્યપાલક ઈજનેરશ્રી વરાછાઝોન, ઉધનાઝોન, કતારગામઝોન, લીંબાયતઝોન, અઠવાઝોનને તબદીલ કરેલ. જેમાં જાહેર માહિતી અધિકારી

વરાછાઝોન તરફથી પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/૧૦૭૦ તા. ૨૮–૩–૧૨થી નિયત સમય અવધિ બાદ અરજદારને મુદ્દા નં. ૧ થી ૪ની માહિતી આપવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/આઉટ/૨૬૨૧ તા. ૧૩–૩–૧૨થી નિયત સમય અવધિમાં મુદ્દા નં. ૧ થી ૪ની માહિતી આપવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં. નોર્થઝોન/આઉટ/નં. ૯૦૦૨ તા. ૨૨–૩–૧૨થી નિયત સમય અવધિમાં મુદ્દા નં. ૧,૩ અને ૪ની માહિતી આપવામાં આવેલ. જેમાં અરજીના મુદ્દા નં. (૧) એસ.એમ.સી.ના નવા જુના વિસ્તારમાં આવેલ ટોરેન્ટ પાવર કંપનીના સબ સ્ટેશનોની તથા બદબાર–કેબલ ડી.બી.રોડની સાઈડમાં લોખંડની પેટી–બોક્ષ ગોઠવેલ છે. જેની મંજુરીની, સંખ્યાની અને ભાડા એસ.એમ.સી.ના કયા વિભાગ દ્વારા વસુલવામાં આવે છે જેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી નિયત સમય અવધિ બાદ" સુ.મ.ન.પા.ના નવા વિસ્તારમાં આવેલ ટોરેન્ટ પાવર કંપનીના મંજુર સબ સ્ટેશનની સંખ્યા કુલ–૬(છ) છે. જેનો ભાડા જમીન મિલ્કત વિભાગ દ્વારા વસુલવામાં આવે છે." તેવું જણાવેલ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી નિયત સમય અવધિમાં " એસ.એમ.સી.ના નવા જુના વિસ્તારમાં આવેલ ટોરેન્ટ પાવર કંપનીના બદબાર–કેબલ ડી.બી. રોડની સાઈડમાં લોખંડની પેટી–બોક્ષ ગોઠવેલ છે જેની મંજુરીની, સંખ્યાની અને ભાડા એસ.એમ.સી.ના કયા વિભાગ દ્વારા વસુલવામાં આવે છે ? તેની વિગત સેન્ટ્રલઝોનના રેકર્ક પર ઉપલબ્ધ નથી. પરંતુ એસ.એમ.સી.ના સેન્ટ્રલઝોન વિસ્તારમાં ટોરેન્ટ પાવર કંપની દ્વારા ૧૮ (અઢાર) સબ સ્ટેશન ઉભા કરવામાં આવેલ છે જે એસ.એમ.સી.ના સેન્ટ્રલઝોનના જમીન મિલ્કત વિભાગ દ્વારા વસુલવામાં આવે છે." તેવું જણાવેલ.જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી નિયત સમય અવધિમાં " સુરત મહાનગરપાલિકાના નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં ટોરેન્ટ કાં. ના સબ સ્ટેશનોની સંખ્યા ૦૭(સાત) છે. જેનું ભાડું જમીન મિલ્કત ખાતા દ્વારા વસુલવામાં આવે છે. જયારે બદબાર કેબલ ડી.બી.રોડની લોખંડની પેટી, બોક્ષની સંખ્યા અને મંજુરી અંગે કતારગામઝોન કચેરીએ રેકર્ડ ઉપલબ્ધ ન હોઈ, આપી શકાય તેમ નથી." તેવું જણાવેલ.

(૨) ધી સુરત ઈલેકટ્રીસીટી કંપની અને હાલમાં ટોરેન્ટ પાવર કંપની સબ સ્ટેશનોની અને બદબાર– કેબલ ડી.બી.રોડ લોખંડની પેટી–બોક્ષ સુરત રોડની સાઈડમાં ગોઠવવામાં આવેલ છે. જેની સામાન્ય સ્થાયી સમિતિના ઠરાવની મંજુરીની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી નિયત સમય અવધિ બાદ" ધી સુરત ઈલેકટ્રીસીટી કંપની અને હાલમાં ટોરેન્ટ પાવર કંપનીને સબ સ્ટેશનોની મંજુરી સ્થાયી સમિતિ ઠરાવ નં. ૯૫૧ /૨૦૦૪, ૭૭૭/૨૦૦૩, ૩૧૪/૯૮, ૮૬૭/૯૯, ૧૪૬૧/૨૦૦૧, ૧૦૫૦ થી મળેલ છે તેમજ કેબલ ડી.બી. લોખંડની પેટી બોક્ષની કોઈ વિગત વરાછાઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ જણાયેલ નથી." તેવું જણાવેલ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી નિયત સમય અવધિમાં " ધી સુરત ઈલેકટ્રીસીટી કંપની અને હાલમાં ટોરેન્ટ પાવર કંપની સબ સ્ટેશનોની અને બદબાર– કેબલ ડી.બી.રોડ લોખંડની પેટી–બોક્ષ સુરત રોડની સાઈડમાં ગોઠવવામાં આવેલ છે. જેની સામાન્ય સ્થાયી સમિતિના ઠરાવની મંજુરીની માહિતી સેન્ટ્રલઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. જયારે કે સબ સ્ટેશન બાબતે જે તે સમયે અલગ–અલગ સામાન્ય–સ્થાયી સમિતિના થયેલ ઠરાવો મુજબ મંજુરી આપવામાં આવે છે." તેવું જણાવેલ.

(૩) આજ સુધીમાં સબ સ્ટેશનોનું કુલ ભાડું અને બદબાર– કેબલ ડી.બી.લોખંડની પેટીનું કુલ ભાડું કેટલી રકમનું ટોરેન્ટ કે ધી સુરત ઈલેકટ્રીક સીટી કંપની પાસેથી વસુલ કરવામાં આવેલ છે. જે રકમની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી નિયત સમય અવધિ બાદ " સબ સ્ટેશનોનું કુલ ભાડું આજ સુધીમાં ઠરાવ અનુસાર ટોરેન્ટ પાવર કાં. / સુરત ઈલેકટ્રીસીટી કાં. પાસેથી રૂા. ૮,૫૨,૭૪૨/– વસુલ લેવામાં આવેલ છે." તેવું જણાવેલ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી નિયત સમય અવધિમાં " આજ સુધીમાં સબ સ્ટેશનોનું કુલ ભાડું અને બદબાર– કેબલ ડી.બી.લોખંડની પેટીનું કુલ ભાડું કેટલી રકમનું ટોરેન્ટ કે ધી સુરત ઈલેકટ્રીક સીટી કંપની પાસેથી વસુલ કરવામાં આવેલ છે. જે રકમની માહિતી સેન્ટ્રલઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. પરંતુ સબ સ્ટેશનોનું કુલ ભાડું આજ સુધીમાં રૂા. ૩૮૨૪૮૬/– વસુલ કરવામાં આવે છે." તેવું જણાવેલ. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી નિયત સમય અવધિમાં " નોર્થઝોન(કતારગામ) માં સુરત મહાનગરપાલિકા દ્વારા ટોરેન્ટ પાવર કાં. ને ભાડા પેટેથી આપેલ જગ્યાના સબ સ્ટેશનોનું આજ સુધીમાં કુલ જમીન ભાડું રૂા. ૭૫,૨૭,૬૦૬.૩૩/– વસુલ લેવામાં આવેલ છે. જયારે બદબાર કેબલ ડી.બી.રોડની પેટીના ભાડા અંગે કતારગામઝોન કચેરીએ રેકર્ડ ઉપલબ્ધ ન હોઈ, આપી શકાય તેમ નથી." તેવું જણાવેલ.

(૪) બદબાર–કેબલ ડી.બી. લોખંડની રોડની સાઈડમાં સુરતમાં ગોઠવવામાં આવેલ છે. જેનું ભાડું વસુલ કરવામાં ન આવતું હોય તો તે અંગેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી નિયત સમય અવધિ બાદ " ડી.બી.લોખંડની પેટી–બોક્ષનું ભાડું વસુલ કરવામાં આવતું હોય એવું વરાછાઝોનના રેકર્ડ પર ધ્યાને આવેલ નથી." તેવું જણાવેલ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી નિયત સમય અવધિમાં " આ માહિતી સેન્ટ્રલઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ નથી." તેવું જણાવેલ. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી નિયત સમય અવધિમાં " બદબાર કેબલ લોખંડની પેટીનું ભાડું વસુલ કરવામાં આવતું ન હોઈ, તે અંગે રેકર્ડ ઉપલબ્ધ ન હોઈ, આપી શકાય તેમ નથી." તેવું જણાવેલ.

જે અંગે અરજદારે ઉધનાઝોન,લીંબાયતઝોન અને વરાછાઝોનના જાહેર માહિતી અધિકારીઓ તરફથી માહિતી મળેલ નથી. તેવું જણાવી તા. ૩૧–૩–૧૨ના રોજ અપીલ અરજી કરેલ. જેમાં અજરદારે અપીલના મુદ્દા નં. ૨માં સેન્ટ્રલઝોન દ્વારા ઠરાવોની માહિતી જણાવેલ નથી. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ સબ સ્ટેશનો અંગે ઠરાવો અંગે જે તે સમયે અલગ–અલગ સ્થાયી /સામાન્ય સમિતિના થયેલ ઠરાવો મુજબ મંજુરી આપવામાં આવેલ. જયારે અન્ય અંગે ઠરાવોની નકલ દફતરે ઉપલબ્ધ નહી હોવાનું પણ જણાવેલ. આમ સબ સ્ટેશન સિવાય અંગે દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પાડેલ છે. પરંતુ સબ સ્ટેશનના ઠરાવોની વિગત પુરી પાડેલ નથી. અરજદારે અપીલના મુદ્દા નં. ૩ અને કતારગાઝોનનું ભાડાની વિગતો કયાથી કયા સુધીની આપેલ છે તેવું જણાવેલ નથી. અરજદારે તેમની મૂળ અરજીમાં કોઈપણ સમયગાળો માહિતી માટે દર્શાવેલ નથી. વધુમાં અપીલ તબક્કે મૂળ અરજીથી અલાયદો પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. તેમ છતાં જાહેર

માહિતી અધિકારીએ કુલ ભાડુ આજ સુધીનું વસુલ કરેલ જણાવેલ છે. એટલે કયા સુધીનો પ્રશ્ન રહેતો નથી. ઉધનાઝોન લીંબાયત અને વરાછાઝોન તરફથી કોઈ માહિતી પૂરી પાડેલ નથી. તેવા સંદર્ભે વરાછાઝોન તરફથી પત્ર નં. ઈઝેડ/ આરટીઆઈ/૧૦૭૦ તા. ૨૮–૩–૧૨થી નિયત સમય અવધિ બાદ અરજદારને મુદ્દા નં. ૧ થી ૪ની માહિતી પુરી પાડેલ છે જયારે ઉધનાઝોન અને લીંબાયતઝોન તરફથી માહિતી પુરી પડાયેલ નથી. કે માહિતી નહી પુરી પાડવા અંગે આરટીઆઈ એકટની કલમ–૮, ૯ કે ૧૧ના અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. વધુમાં ઉધનાઝોન તથા લીંબાયતઝોનમા ટોરેન્ટ પાવરનું કાર્યક્ષેત્ર આવતું હોય તો તેમને તેમની દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની રહે અથવા તો સદર કાર્યક્ષેત્ર તેમનામાં પડતું ન હોવાની વિગત પણ અરજદારને પુરી પાડવાની રહે. અરજદારે અપીલના મુદ્દા નં. ૪ માં જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી કમિશ્નરશ્રીએ નવા નિયુકત કરેલ જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી આપેલ હોય નવા અપીલ અધિકારીને અત્રેથી પત્ર નં. આરટીઆઈ સેલ/આઉટ વર્ડ/નં. ૪ તા. ૩–૪–૧૨ થી અરજદારની જાણ હેઠળ કાર્યપાલક ઈજનેર અને અપીલ અધિકારી અઠવાઝોનને તબદીલ કરવામાં આવેલ છે. જે અંગે સદર અપીલ અધિકારી તરફથી ઉચિત હુકમ કરવાનો રહે.

અરજદારની પ્રથમ અપીલ તા.૩૧–૩–૧૨ ધ્યાને લેતાં ૨૯–૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૪–૫–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસ પાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૪–૦૨–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન અને ઉધનાઝોન તરફથી પુરી પડાયેલી ન હોઈ, દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી તથા જો ટોરેન્ટ પાવર તેના જ કાર્યક્ષેત્રમાં ન પડતું હોય તો તેવી વિગતો પણ અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭માં પૂરી પાડવા સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન અને એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે."

જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન દ્રારા સબ સ્ટેશનના ઠરાવોની નહીં પુરી પાડેલ માહિતી તથા બદબાર કેબલ ડી.પી., લોખંડની પેટીના ભાડા વસુલાત– નહીં વસુલાતની દફતરી હકીકતલક્ષી માહિતી પુરી પાડેલ ન હોઈ, આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે પુરી પાડવા ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

અરજદારે અપીલ તબક્કે ભાડાની વિગત કયારથી આપવામાં આવેલ છે તેવો પ્રશ્ન મૂળ અરજીથી અલાયદો હોઈ, અરજદાર ઈચ્છુક હોય તો આરટીઆઈ કાયદાની જોગવાઈઓ અને નિયમ અનુસાર લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

(૧) પ્રતિ, ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) ,એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન), સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) ...... જાણ તથા અમલ માટે

(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,